B

A

O

U


**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર,

શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


# સત્રીયકાર્ય જૂન– ૨૦૧૬

## <u>સ્નાતક પદવી અભ્યાસક્રમ: (BDP)</u>

# FGT-01

## પાઠયક્રમ શીર્ષક
## ગુજરાતીનો આધાર પાઠયક્રમ:- FGT-01

### <u>અગત્યની સૂચનાઓ</u>

✓ વિદ્યાર્થીઓએ પોતાના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના રહેશે.

✓ સત્રાંત પરીક્ષા આપવા માટે સ્વાધ્યાય કાર્ય રજુ કરવા ફરજીયાત છે. સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ નહીં હોય, તો પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

✓ તૈયાર કરેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની છેલ્લી તારીખ <u>૩૦/૧૨/૨૦૧૬</u> છે. આ તારીખ પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યો સ્વીકારવામાં આવશે નહી.

✓ જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોની પહોંચ અભ્યાસકેન્દ્ર પરથી લેવી ફરજીયાત છે.

✓ વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથેના સ્વાધ્યાયકાર્યો અભ્યાસ કેન્દ્ર પરથી અવશ્ય પરત લેવા.

✓ વિદ્યાર્થી પોતાના સ્વાધ્યાયકાર્યોના ગુણ યુનિવર્સિટીની વેબ-સાઈટ પર જોઈ શકશે.

# <u>સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ</u>

**<u>પ્રિય વિદ્યાર્થી મિત્રો</u>**

આપને દરેક પાઠયક્રમદીઠ એક સત્રીયકાર્ય તૈયાર કરવાનું ફરજિયાત છે. દરેક સત્રીયકાર્ય તમામ અભ્યાસ-સામગ્રી પર આધારીત હોય છે.

સત્રીયકાર્ય તૈયાર કરી આપના અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રી પાસે જમા કરાવવું અને તેની પાવતી અવશ્ય લેવી. દરેક સત્રીયકાર્યની ઝેરોક્ષ નકલ આપની પાસે રાખવી.

દરેક સત્રીયકાર્યના ૧૦૦ ગુણ નિશ્રિત છે. જેમાં પાસ થવા માટે B.A./B.com.માં ૩૬ ગુણ લાવવા જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% હોય છે. અભ્યાસકેન્દ્ર દ્વારા મૂલ્યાંકન કરાવેલ સત્રીયકાર્યો પરીક્ષામાં વાંચવા માટે પરત અવશ્ય લેવું. અભ્યાસકેન્દ્ર આપના સત્રીયકાર્યના ગુણો યુનિવર્સિટી અમદાવાદ ખાતે મોકલી આપશે. જે આપની માર્કશીટમાં ગુણગ્રેડ યાદીમાં સામેલ કરી (૭૦% પરીક્ષા અને ૩૦% સ્વાધ્યાયકાર્ય) ફાઈનલ ગુણગ્રેડ માર્કશીટ તૈયાર થશે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. આપ વાંચનથી જે શીખ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી આપ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો.

યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com. ના પ્રથમ ,દ્વિતિય તથા તૃતિય વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીંગ બૉડની (A.P.B. મંજૂરી થી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે આપને આપના અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના હોય અને તેને નિશ્રિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયાર કરી, આપના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.

આપના પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.

| | |
|---|---|
| નોંધણી નંબરઃ-____________________ | અભ્યાસક્રમઃ- ____________________ |
| પૂરૂં નામઃ-____________________ | પાઠ્યક્રમઃ-____________________ |
| સરનામુંઃ- ____________________ | સ્વાધ્યાય સંખ્યાઃ- ____________________ |
| મોબાઈલ નંબરઃ- ____________________ | તારીખઃ- ____________________ |

અમે ઈચ્છીએ છીએ કે આપ દરેક સત્રીયકાર્ય અલગ-અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે નિયત સમય મર્યાદામાં તૈયાર કરી અભ્યાસકેન્દ્ર પર જમા કરાવશો. મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે પોતાના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ,**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડ :- FGT-01:-ગુજરાતીનો આધાર પાઠયક્રમ**

**સત્રીયકાર્ય કોડ :- FGT-01/AST-01/TMA/2016**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/12/2016** **(કુલ ગુણ:-100)**

**વિભાગ- ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો. (2X20=40)**

પ્રશ્ન-૧ 'જક્ષણી' પ્રસન્ન દામ્પત્ય જીવનનું નિરૂપણ કરતી હાસ્યપ્રધાન ટૂંકીવાર્તા છે ____ આવિધાનની વાર્તાને ધ્યાનમાં રાખી વિસ્તૃત ચર્ચા કરો.

**અથવા**

"દેશનો ઉત્કર્ષ સત્ય અને અહિંસાના માર્ગેજ થઈ શકે."- આ વિદ્યાનની સમજ આપી, ગાંધીજીએ શીખવેલી કઈ બાબતો પર નેહરૂજી વધારે ભાર મૂકે છે તે જણાવો.

પ્રશ્ન-૨ (A) આપણી સાંસ્કૃતિક એકતા તેમજ વિવિધતા અંગે કિશોરલાલ મશરૂવાળાની ચિંતનવાણીનો ટૂંકમાં પરિચય કરાવો.

(B) 'બંસી કાહેકો બજાઈ?'ના આધારે ભદ્ર અને દિલત વર્ગના મનુષ્યો વચ્ચેનાં સંબંધની મધુરતા ટૂંકમાં જણાવો.

**અથવા**

'ચોરાનો પોકાર' નિબંધમાં રજૂ થયેલી મેઘાણીનાં વિચારોની તલસ્પર્શી સમીક્ષા કરો.

**વિભાગ-ખ મધ્યમશ્રેણીના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો (ગમેતે બે) (2X15=30)**

(૧) 'બંસી કાહેકો બજાઈ' માં ઉપસતુ ગુલબ્બોનું પાત્રાલેખન

(૨) સ્પર્શ ધ્વનિઓનું વિસ્તૃત વર્ગીકરણ આપો.

(૩) ગુજરાતી જોડણીના સંદર્ભમાં લિપિગત મુશ્કેલીઓની ચર્ચા કરો.

(૪) સત્યાગ્રહી તરીકે ગાંધીજીનું વ્યકિતત્વ

**વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમેતે ચાર) (4X5=20)**

(૧) 'ખાંડણિયામાં માથાંરામ' માં રજૂ થયેલ દુષ્કાળનું ચિત્ર.

(૨) લોકશાહીમાં સામુહિક સત્યશોધનનું મહત્વ સમજાવો.

(૩) ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળમાં સમવિષ્ટ ભાષાના શબ્દો.

(૪) વૃક્ષોને સાંપ્રત સમયમાં 'શીવ' સાથે કેમ સ્વીકારવામાં આવે છે.

(૫) વિજ્ઞાનનું આપણા નિત્ય જીવનમાં મહત્વ

વિભાગ-ઘ માગ્યા પ્રમાણે જવાબ લખો (ગમેતે દસ) **(1X10=10)**

(૧) દબુચંદ શેઠ બબ્બે લગ્ને પણ નિઃસંતાન છે. - સાચુ કે ખોટું

(૨) 'કલ્યાણ કામનો અતિથિ' મૂળ કયા અને કોના નાટકમાંથી લેવામાં આવેલો નાટયાંશ છે ?

(૩) "વૃક્ષ એ જાણે, રૂપ રંગરસનો લહેરાતો સાગર છે" ________ અલંકાર ઓળખાવો.

(૪) સત્યનિષ્ઠા એ વિજ્ઞાનનું હાર્દ છે. – સાચુ કે ખોટું

(૫) વિરૂધ્ધાર્થી શબ્દો આપો. (૧) અનુગામી (૨) સગવડ

(૬) 'આકાશ તૂટી પડયું' – રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(૭) મનુષ્યનું મનુષ્યત્વ ___________ માં પૂરેપૂરુ ખીલે છે. (કુંટુંબ, રાજય, સમાજ)

(૮) વ્યકિતત્વનો વિકાસ એટલે તેનામાં રહેલી ________ નો વિકાસ.

(ધાર્મિક ભાવનાઓ, મહત્વકાંક્ષાઓ, સુષુપ્ત શકિતઓ)એસ્પેરેન્ટો એ ________ ભાષાનું નામ છે.

i. અમેરિકાની મૂળ પ્રજા દ્વારા બોલાતી
ii. પ્રાચીન સમયમાં રોમમાં બોલાતી
iii. વિશ્વભાષા તરીકે પ્રયોજાયેલી

(૯) ભારતની સાંસ્કૃતિક પરંપરામાં _________ નો ખૂબ મહિમા છે.
(શરીરબળ, શબ્દશકિત, રાજ સત્તા)

(૧૦) યુરોપમાં એક કાળે ___________ભાષાનો ખૂબ મોટો પ્રભાવ હતો.
(અંગ્રેજી, ડેનિશ, લૅટિન)

(૧૧) લેખકનાં મતે પત્રકારત્વ એક __________ ગણાવો જોઈએ.
(ધંધો, ધર્મ, કસબ)